# દેવની સેવા કરવાનો તમારો નિર્ણય

**દેવના મિત્ર બનવા તમારે શું કરવું જ જોઈએ? (૧, ૨)**
**તમે દેવને તમારા જીવનનું સમર્પણ કઈ રીતે કરી શકો? (૧)**
**તમારે બાપ્તિસ્મા ક્યારે લેવું જોઈએ? (૨)**
**તમે દેવને વિશ્વાસુ રહેવા માટે કઈ રીતે શક્તિ મેળવી શકો? (૩)**

૧. દેવના મિત્ર બનવા માટે તમારે *બાઈબલ સત્યનું સારું જ્ઞાન મેળવવું જ જોઈએ* (૧ તીમોથી ૨:૩, ૪), *તમે શીખ્યા એ બાબતોમાં વિશ્વાસ મૂકવો જ જોઈએ* (હેબ્રી ૧૧:૬), *તમારા પાપોનો પસ્તાવો કરવો જ જોઈએ* (પ્રેરિતોનાં કૃત્યો ૧૭:૩૦, ૩૧), અને *તમારો જીવનમાર્ગ બદલવો જ જોઈએ.* (પ્રેરિતોનાં કૃત્યો ૩:૧૯) પછી દેવ માટેના તમારા પ્રેમે તમને *તેમને તમારું સમર્પણ કરવા* પ્રેરવા જોઈએ. એનો અર્થ થાય કે વ્યક્તિગત, અંગત પ્રાર્થનામાં તમે તેમની ઈચ્છા પ્રમાણે કરવા પોતાને તેમને આપો છો એમ તેમને કહેવું.—માત્થી ૧૬:૨૪; ૨૨:૩૭.



૨. દેવને તમારું સમર્પણ કર્યા પછી, તમારે *બાપ્તિસ્મા પામવું* જોઈએ. (માત્થી ૨૮:૧૯, ૨૦) બાપ્તિસ્મા બધાને જણાવે છે કે તમે યહોવાહને તમારું સમર્પણ કર્યું છે. તેથી બાપ્તિસ્મા ફક્ત એ લોકો માટે જ છે જેઓ દેવની સેવા કરવાનો નિર્ણય લઈ શકે એટલા મોટા હોય. વ્યક્તિ બાપ્તિસ્મા પામે છે ત્યારે, તેનું આખું શરીર ક્ષણ માટે પાણીમાં ડુબાડવામાં આવવું જોઈએ.*—માર્ક ૧:૯, ૧૦; પ્રેરિતોનાં કૃત્યો ૮:૩૬.



૩. તમે સમર્પણ કરો પછી, તમે તમારા વચન પ્રમાણે જીવો એવી યહોવાહ તમારી પાસે અપેક્ષા રાખશે. (ગીતશાસ્ત્ર ૫૦:૧૪; સભાશિક્ષક ૫:૪, ૫) ડેવિલ તમારી પાસે યહોવાહની સેવા બંધ કરાવવા પ્રયત્ન કરશે. (૧ પીતર ૫:૮) પરંતુ પ્રાર્થનામાં દેવની સમીપ જાવ. (ફિલિપી ૪:૬, ૭) દરરોજ તેમના શબ્દનો અભ્યાસ કરો. (ગીતશાસ્ત્ર ૧:૧-૩) મંડળને વળગી રહો. (હેબ્રી ૧૩:૧૭) એ સર્વ કરવાથી, તમને દેવને વિશ્વાસુ રહેવા માટે શક્તિ મળશે. એ રીતે દેવ તમારી પાસે જે માગે છે એ બાબતો તમે અનંતકાળ સુધી કરી શકો!

* બાપ્તિસ્માની તૈયારી માટે *જ્ઞાન જે અનંતજીવન તરફ દોરી જાય છે,* અથવા વોચ ટાવર બાઈબલ એન્ડ ટ્રેક્ટ સોસાયટીએ પ્રકાશિત કરેલા એવા જ કોઈ પુસ્તકના અભ્યાસની ભલામણ કરવામાં આવે છે.